# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

## ત્રણ મિત્રો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ઘણીવાર આપણી માન્યતાઓ કે આપણી ધારણા હોય છે કે જેના દ્વારા આપણું કાર્ય ચાલતું હોય તે ૧૦૦% સાચું જ હોય તેવું માની શકાય નહિ. ઘણીવાર એવા પ્રસંગો બને એવી રીતની મુશ્કેલીનો સમય આવે ત્યારે આપણી માન્યતાઓ અને આપણી ધારણાઓ ખોટી સાબીત થાય છે. આવા સમયે આપણને પસ્તાવાનો સમય આવે છે. આ બાબત સમજવા માટે આ નાની વાત થોડી મદદરૂપ થઈ શકશે.

એક ભાઈને ત્રણ મિત્રો હતા. પણે તે ત્રણમાંથી બે મિત્રો ઉપર તેને ઘણો ભાવ અને આદર હતો. તે બંને ઉપર તે પ્રેમ પણ વિશેષ રાખતો તેની માન્યતા હતી કે આ બંને મિત્રો મારા સાચા મિત્રો છે અને ગમે તેવી મુશ્કેલીમાં પણ આ બંને મને ઘણા મદદરૂપ થઈ શકશે. જ્યારે જે ત્રીજો મિત્રો હતો તેના પ્રત્યે તેનું ધ્યાન બહુ જુજ હતું. તેની સાથે સંબંધ બગાડ્યો નહોતો પણ બહુ સંબંધ રાખતો પણ નહિ. ખાલી કામ પુરતી વાત. ક્યાંય મળી જાય તો બોલે ચાલે એટલું જ. સમય તો તેની ગતિ મુજબ ચાલતો જ રહે છે. બધા દિવસો કોઈના માટે પણ સમાન રહી શકતા નથી. એક એવો મુશ્કેલીનો સમય આ ભાઈને આવ્યો કે આ ભાઈને બચવાનો કોઈ રસ્તો ન દેખાડ્યો. તેને ખાત્રી થઈ કે હવે તેને ન્યાયાલયમાં ખસેડવામાં આવશે અને સજા થશે જ.

મુશ્કેલી આવી પડતાં તેને વિચાર થયો કે લાવો મારા મિત્રોની મદદ લઉં ને જેથી હું બચી શકું. સૌ પ્રથમ એ જેને સૌથી વધુ નજીકનો મિત્ર માનતો હતો તેની પાસે ગયો અને વિનંતી કરવા લાગ્યો કે તું મારી સાથે ન્યાયાલયમાં આવે તો હું સજાથી બચી શકું. પણ આશ્ચર્ય !! આ મિત્રે તો તેને ઘસીને ના પાડી દીધી. અને કહેવા લાગ્યો - ''ન્યાયાલયની વાત તો બાજુએ રહી પણ હું તો તારી સાથે એક ડગલું પણ ચાલવા તૈયાર નથી. તારી પીડા તું ભોગવ.'' આ વ્યક્તિ ઘણો દુઃખી થયો. તેની પાસે સમય ઘણો ઓછો હતો તેથી વધુ વાતચીત કર્યા વિના બીજા મિત્ર પાસે ગયો. તેને હતું કે આ મિત્ર કદાચ મદદ કરશે.

બીજા મિત્ર પાસે જઈને મદદ માંગી ત્યારે તે બીજો મિત્ર કહેવા લાગ્યો - ''જો મિત્ર ! તું મુશ્કેલીમાં છે તે વાત સાચી. મને ઈચ્છા છે કે હું તને મદદરૂપ થાઉં પણ હું બહુ બહું તો તારી સાથે ન્યાયાલયના દરવાજા સુધી આવી શકું પણ તેથી આગળ તો તારે તારી રીતે જ સંભળવાનું રહેશે. ન્યાયાલયની અંદર આવવું તે મારા માટે શક્ય નથી.'' બીજા મિત્ર દ્વારા પણ તેને આવી નિરાશા જ સાંપડી. બે બે મિત્રો કે જેને તે પોતાના ખૂબ જ નજીકના માનતો હતો તેની પાસેથી કાંઈ આશા ન જણાઈ, મદદ ન મળી ત્યારે તેને ત્રીજો મિત્ર યાદ આવે છે. સાથે સાથે એવો વિચાર પણ આવ્યો કે જે મિત્ર પ્રત્યે હું આટલો પ્રેમ રાખતો, એમનું ધ્યાન રાખતો તે બંને જીગરી મિત્રો એ તો મારો સાથ આપવા ઈન્કાર કરી દીધો. આ મિત્ર પ્રત્યે તો મેં કોઈ ધ્યાન આપ્યું જ નથી, તે મને મદદ કરશે કે કેમ ? પછી વિચારે છે કે જોવા તો દે, જે થાય તે.

આવો વિચાર કરી આ દુઃખી વ્યક્તિ ત્રીજા મિત્રની પાસે જઈને પોતાની મુશ્કેલી રજૂ કરે છે. જો જો હવે આ ત્રીજા મિત્રનો જવાબ. ત્રીજો મિત્ર કહેવા લાગ્યો. - ''જો મિત્ર ! તારા જીવનની મુશ્કેલીના સમયે તેં મને યાદ કર્યો છે. તો તારા મિત્ર હોવાને લીધે મારી ફરજ છે કે તને મદદ કરવી. હું તારી સાથે ન્યાયાલયમાં આવીને તને બચાવવાનો પ્રયત્ન કરીશ.'' બંને મિત્રો ન્યાયાલયમાં પહોંચ્યા. મિત્ર ન્યાયાલયમાં આવ્યો એટલું જ નહિ પણ પોતાના આ મિત્રને બચાવવા ન્યાયાધિશ સમક્ષ તેની તરફેણમાં જોરદાર બચાવ કરીને તેને નિર્દોષ સાબિત કરવામાં મહત્વની ભૂમિકા અદા કરી. આ ત્રીજા મિત્રના લીધે આ વ્યક્તિ બચી ગયો. હવે તેને એક વાતનો બહુ પસ્તાવો થવા લાગ્યો કે હું જેને બહુ કામનો નથી તેમ માની ઉપેક્ષા કરતો હતો તે જ મારો સાચો મિત્ર હતો કે જેણે મને મુશ્કેલીના સમયે મદદ કરી.

મિત્રો ! આ વાતનો આધ્યાત્મિક મર્મ ખૂબ જ જરૂરી છે. તો હવે તેના વિશે જાણીએ.

મનુષ્યના જે ત્રણ મિત્રો છે તે અનુક્રમે ૧ સંપત્તિ, ૨. સંબંધીઓ અને ૩. સત્કર્મો છે. આપણે આખી જીંદગી પહેલા બે મિત્રોનું જ ધ્યાન રાખીએ છીએ. તેની જ સંભાળ રાખીએ છીએ પણ જે ત્રીજો મિત્ર છે સત્કર્મ તેની અવગણના કરીએ છીએ. મનુષ્ય માટે મુશ્કેલીનો સમય એટલે કે અંત સમય આવે છે ત્યારે પહેલો મિત્ર સંપત્તિ તે એક કદમ પણ સાથે ચાલતી નથી. મૃત્યુ થતાંની સાથે જ સંપત્તિ તેના મિત્ર એવા આ મનુષ્યને તરછોડી દે છે. બીજા મિત્ર એટલે કે સગા-સંબંધીઓ સ્મશાન સુધી જ સાથ આપે છે. પણ પછીથી તે પણ સાથ છોડી દે છે. પણ ત્રીજો મિત્ર કે જેના પ્રત્યે પહેલાથી જ અવગણના રહે છે તેવા સત્કર્મો છેવટ સુધી તેનો સાથ આપે છે. ઈશ્વરના ન્યાયાલયમાં આ સત્કર્મો રૂપ મિત્ર પ્રયત્નો કરીને મિત્રને નિર્દોષ સાબિત કરવાના પ્રયત્નો કરે છે. પણ મુશ્કેલી એ વાતની છે કે તે સમજણ આવતા આવતા આખી જીંદગી પસાર થઈ જાય છે.

જેટલું ધ્યાન મનુષ્ય સંપત્તિ કમાવા પાછળ, તેને સાચવવા પાછળ કે સગા-સંબંધીઓની આગતા-સ્વાગતામાં વહેવારમાં આપે છે તેટલું ધ્યાન ભજન-કીર્તન, કથા-વાર્તા, સેવા-ધ્યાન આદિક સત્કાર્યોમાં આપતો નથી પણ મુશ્કેલીના સમયે કોઈ બચાવી શકે એમ હોય તો તે માત્રને માત્ર ઉપર જણાવ્યા મુજબના સત્કાર્યો, સત્કર્મો જ છે.

મિત્રો ! સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી આપણને આ મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે, આવો સત્સંગનો સારો યોગ પ્રાપ્ત થયો છે. ભજન-કીર્તન, કથા-વાર્તા, સેવા-સત્સંગના યોગ સહેજે સહેજે પ્રાપ્ત થાય તેવો સારો સમય છે. તો જીવના સાચા મિત્ર એવા આ સત્કર્મો દ્વારા જો ભગવાનને રાજી કરી લઈશું તો જીવનો મોક્ષ સહેજે સહેજે થઈ જશે.

●

**ભજનનો પ્રતાપ**

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ભગવાનના નામનો અપરંપાર મહિમા છે. નામ સ્મરણ સતત ચાલુ રાખે તેનું મન નિર્મળ બની જાય છે. જીવના અંતરશત્રુ એવા કામ, ક્રોધ, લોભ અને સર્વ વિકારો ભગવાનના અખંડ નામ સ્મરણથી દૂર થઈ જાય છે. ભગવાનનું નામ એવું પ્રતાપી છે કે તે જીવની અંદર જડાઈ ગયેલી વિષય વાસનાને તોડી નાંખવાનું સામર્થ્ય ધરાવે છે. નામ સ્મરણ પાપ માત્રને બાળી નાંખે છે. અને અંતર મનને નિર્મળ બનાવી દે છે. આ પ્રસંગ આપણને નામસ્મરણના મહિમાની પ્રેરણા આપે છે.

રાજા-રજવાડાના સમયની આ વાત છે. મોટો રાજમહેલ, તેમાં રાજા-રાણી, તેમના સંતાનો રહેતા હતા. અને તેમની સેવા-ચાકરીમાં સેંકડો દાસ-દાસીઓ, સિપાહીઓ તહેનાત. બધાને સોંપવામાં આવેલી ફરજો પ્રમાણે સહુ કાર્ય કરતા.

એક કુટુંબ આ સેવા-ચાકરીના કાર્યમાં જોડાયેલું હતું. તે ભાઈ સિપાહીની ફરજ બજાવતો હતો અને તેની પત્ની રાણી દાસી તરીકેની ફરજમાં હતી. એ સમય એવો હતો કે રાણીઓ તેમજ રાજાની પુત્રીઓ વગેરે મોટા ભાગે ઓજલમાં રહેતા. સામાન્ય વ્યક્તિઓ તેમને જોઈ પણ ન શકે તેવો તેમનો પ્રોટોકોલુ હોય. એકવાર કોઈ કારણસર આ સિપાહી મહેલમાં ગયો હશે અને તેની નજર રાજાની સ્વરૂપવાન કન્યા પર પડી. નજર પડે એ તો કોઈ મોટી બાબત નહોતી પણ તે સિપાહી કન્યાનું રૂપ જોઈ મોહ પામ્યો અને તેના મનમાં કન્યાને પરણવાના વિચારો આવવા લાગ્યા. બુદ્ધિ અને મનના બગાડને લીધે તેને ખાવાનું ભાવે નહિ, કામમાં મન લાગે નહિ અને સતત કન્યાનું જ ચિંતન થવા લાગ્યું. તે જાણતો હતો કે રાજાની કુંવરી સાથે તેના લગ્નની કોઈ શક્યતા નથી છતાં પણ મોહ તેને વધુને વધુ દુઃખી કરવા લાગ્યો.

આ સિપાહીની પત્ની પતિવ્રતા સન્નારી હતી. તેને પોતાના પતિના બદલાયેલા વર્તન તથા મુખ પરની દુઃખની પરિભાષા પારખતાં વાર ન લાગી. પતિને દુઃખી જોઈ તેને પણ દુઃખ થયું. પતિને આ દુઃખી થવાનું કારણ પૂછતાં પતિ કહે છે કે મને એવો રોગ થયો છે, તેને મટાડવાનું કોઈ સાધન કે દવા કાંઈ નથી. સતત ચિંતનના કારણે ઝુરી ઝુરીને મારૂં મૃત્યુ થશે ત્યાં સુધી હવે હું સુખી નહી થઈ શકું.

હવે પરિસ્થિતિ વધુ વિપરીત થવા લાગી. સિપાહીને ભોજન ભાવે નહિ, ઉંઘ આવે નહિ. પત્ની વિચાર કરે છે,

જગતમાં અશક્ય કાંઈ છે નહિ. એવું તે ક્યું દુઃખ, એવો ક્યો રોગ છે જે મારા પતિને આટલો પરેશાન કરે છે. બહુ પૂછપરછ કરતાં પતિએ કહ્યું કે જો રાજકન્યા મને પરણે તો મારો રોગ દૂર થઈ શકે. હું તેના વગર રહી શકું તેમ નથી પણ કોઈ શક્યતા નથી. હવે તો આ વાત સાંભળી તેની પત્નીને પણ લાગ્યું કે પતિની વાત સાચી છે, કોઈ રીતે રાજકન્યા આમને મળી શકે તેમ તો છે નહી. પતિના ભવિષ્યની ચિંતાને કારણે પત્ની પણ દુઃખી દુઃખી રહેવા લાગી.

દાસીને આ રીતે દુઃખી જોઈ રાણીને નવાઈ લાગી. તેણે દુઃખનું કારણ જણાવવા દાસીને કહ્યું. શરૂઆતમાં તો વાત ટાળી પણ રાણીએ આગ્રહ કરતા પોતાના પતિના દુઃખના કારણે તે દુઃખી છે તે બાબતે પતિએ તેને કહેલી વાત તેણે રાણીને જણાવી.

રાણી જ્ઞાની હતી. તેણે વિચાર કર્યો. કોઈ એવો ઉપાય કરૂ કે જેથી આ સેવક કુટુંબમાં ઉભું થયેલું દુઃખ દૂર થઈ શકે. રાણીએ દાસીને કહ્યું, તારા પતિને હું મારી કન્યા આપવા તૈયાર છું પણ તે માટે મારી એક શરત છે, તે તારા પતિએ પુરી કરવી પડશે. તારા પતિએ છ માસ સુધી ગામની બહાર તપસ્વીના વેશમાં રહેવાનું. હું જે જમવાનું મોકલું તે જ જમવાનું અને આંખો બંધ રાખી સતત ભગવાનના નામનો જપ કરવાનો. કોઈપણ પ્રકારનું પાપ નહી કરવાનું. જો તારો પતિ આટલું નિયમ પાળે તો છ માસ પછી હું મારી કન્યા તારા પતિ સાથે પરણાવવા તૈયાર છું.

દાસીએ આ વાત તેના પતિને કહી. તે મોહાંધ થયેલો હતો તેથી તેણે છ માસ પછી રાજકન્યા મળતી હોય તો આ શરત પાળવા મંજુરી બતાવી. તે નકલી તપસ્વી બની ગામની બહાર બેસી આંખો બંધ કરીને નામસ્મરણ કરવા લાગી ગયો. રાણી એકવાર સાદું અને સાત્વિક ભોજન આપતી તે જમતો, બાકી આખો દિવસ પ્રભુ સ્મરણમાં સમય વિતાવવા લાગ્યો. શરૂઆતમાં તો વાસનાના વિચારોનું બળ વધુ રહેતું પણ નામસ્મરણની દિવ્ય શક્તિના લીધે ધીમે ધીમે તેના અંતરમાં ટાઢક થવા લાગી. તેના મન-બુદ્ધિમાં ધીમે ધીમે શાંતિ પ્રસરી. અને નામ સ્મરણની તન્મયતાને લીધે તેના અંતરમાં પરમાત્માના દર્શન થવા લાગ્યા. અને તે આધ્યાત્મિક આનંદમાં એવો મસ્ત બન્યો કે હવે તેને પરમાત્માનું નામસ્મરણનું વ્યસન પડી ગયું. તે ધન્યતાની લાગણી અનુભવવા લાગ્યો.

શરત પ્રમાણે છ માસનો સમય વિતી ગયો. જે સ્થળે આ સિપાહી તપસ્વી બની પરમાત્માનું સતત નામ સ્મરણ કરતો હતો તે સ્થળે રાણી પોતાની કન્યાને લઈને હાજર થયાં. અને કહેવા લાગ્યા, - ''જેના માટે તમે તપસ્વી થયા છો તે રાજકન્યાને હું તમારી પાસે લાવી છું.'' શરત પ્રમાણે હવે મારે મારી કન્યા તમને આપવી પડશે.''

ત્યારે આ સિપાહી કે હવે તે અંતરથી પણ નિર્મળ બન્યો હતો તે કહેવા લાગ્યો - ''હવે મને આંખો ઉઘાડવાની પણ ઈચ્છા થતી નથી. હું હવે ભગવાનના દર્શનમાં મગ્ન થયો છું. તમારી કન્યાએ મારી દીકરી સમાન છે. કોઈ રાજકુમાર સાથે તેનું લગ્ન થાય એ યોગ્ય છે. મારી ભૂલ માટે મને ક્ષમા કરો. તમે મને જે માર્ગ બતાવ્યો તે માટે હું તમારો આભારી છું.''

મિત્રો ! જોયું ને, કેટલો બધો મોહાંધ થયેલો દુઃખી થયેલો આ જીવ પણ સકામ ભાવે પણ સતત નામસ્મરણ ચાલુ કર્યું તો તેના મનના સર્વ વિકારો ટળી ગયા અને પાવન તથા જેના શરણે જવાથી બીજાના વિકારો પણ દૂર થાય તેવો પવિત્ર આત્મા તે બની ગયો.

આપણા ઈષ્ટદેવ શ્રીહરિએ પણ સારંગપુરના ચોથા અને પાંચમાં વચનામૃતમાં વાસના ટાળવા માટેનો આજ ઉપાય વર્ણવ્યો છે જે આપણે વચનામૃતના પ્રસાદી શબ્દોથી જ જાણીએ.

● ભગવાનનો ભક્ત હોય તેને વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહી ને આનંદમાં ભગવાનનું ભજન કર્યા કરવું અને વાસના ટાળ્યાના ઉપાયમાં રહેવું. અને ભગવાનને ભગવાનના સંતમાં દૃઢ વિશ્વાસ રાખવો..... (સાં.-૪)

● માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત થઈ જાય અને કલ્યાણકારી ગુણ તે સર્વે આવીને હૃદયને વિષે નિવાસ કરીને રહે. તે માટે માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું સાધન છે..... (સાં.-૫)

આ વાતનું સતત અનુસંધાન રાખશું તો સદાય આનંદ આનંદ રહેશે અને ભગવાનના સુખની પ્રાપ્તિ થશે.